જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૧/૨૦૨૨ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૦/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૮૯૯૬	૨૧૫	૭૯૨૧૧	૮૦૦૪૪	૨૧૭	૮૦૨૬૧
કુલ		૯૫૫૯૪	૨૧૫	૯૫૮૦૯	૧૦૪૫૭૩	૨૧૭	૧૦૪૭૯૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૨	૪,૨૨,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૬૮	૧૦,૬૮,૦૦૦/-

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૬૩ લીટર દેશી દારૂ અને ૧ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૧૩/૨૦૨૨**

વેજલપુરઃ અકીલભાઇ દિલદારભાઇ બાગબાન (ઉ.વ.૩૦) (રહે.કુબા બંગલોઝ મુસ્કાન હોસ્પીટલ પાછળ અસરફી મસ્જીદ પાસે ફતેવાડી)એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૧/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ થી તા.૧૭/૦૧/૨૦૨૨ સવારના ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી મકાનમાંથી (૧) સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૭,૦૦૦/- (૨) સોનાના કાનના ઝુમખા કિંમત રૂપિયા ૩૭,૦૦૦/- (૩) સોનાની વિંટી નંગ-૦૩ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- (૪) ચાંદીના ઝાંઝર જોડ-૦૨ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- (૫) ચાંદીના નાના ઝાંઝર જોડ-૦૧ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- (૭) એલ.ઇ.ડી ટી.વી. કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડા રૂપિયા ૫૦,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૧,૮૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

ટ્રેનની અડફેટમા આવી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૧૪/૨૦૨૨**

ચાંદખેડાઃ ચિંતનભાઈ મહેશભાઈ લેઉવા (ઉ.વ.૨૯)(રહે.હરિમંદીર સોસાયટી સહયોગ સોસાયટી પાસે, વિસતમાતાના મંદીર પાસે, ચાંદખેડા) તા.૧૭/૦૧/૨૦૨૨ સવારના કલાક ૧૦/૩૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ઓમ પાર્ટી પ્લોટની સામે રેલ્વે ટ્રેક નંબર ૭૭૪/૪ થી ૭૭૪/૬ વચ્ચે ટ્રેનની અડફેટમા આવી જતા માથાના ભાગે અને શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૧૫/૨૦૨૨**

શહેરકોટડાઃ બોબીસિંગ રવિન્દ્રસિંગ તોમર (ઉ.વ.૨૮)(રહે.ફોજદારની ચાલી, ઓમકાર ફેકટરીની બાજુમાં, ટોરેન્ટ પાવરની સામે, મેમ્કો) એ અગમ્ય કારણોસર તા.૧૬/૦૧/૨૦૨૨ રાતના ૧૧/૦૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લગાડેલ લોખંડની એન્ગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિનેશભાઇ કરશનભાઇ ચલાવે છે.

ઓઢવઃ સુનીતાબહેન વા/ઓ શીવાજી રાય (ઉ.વ.૩૮)(રહે.ગજરાવાડી પાર્ક સોસાયટી, સફારી હોટલ પાછળ, રીંગ રોડ ઓઢવ) એ અગમ્ય કારણોસર તા.૧૬/૦૧/૨૦૨૨ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.